# ગોરમાનો વર કેસરિયો ને નદીએ ના'વા જાય રે

**ગુરુવારથી ગૌરી વ્રત નો પ્રારંભઃ નાની બાળાઓ પાંચ દિવસ કરશે અલૂણાં ઉપવાસ**



ગૌરી વ્રતના પ્રારંભ પૂર્વે હવે બજારમાં ઠેર ઠેર તૈયાર જવારા મળી રહ્યાં છે. સાથે પૂજાપાની સામગ્રીનું તૈયાર પેકિંગ બજારમાં ઉપલબ્ધ છે.મનગમતા ભરથારની પ્રાપ્તિ માટે અબીલ-ગુલાલ, અક્ષત, સોપારી, નાગલા, જવારા સહિતની પૂજા-સામગ્રીથી ગૌરી શંકરનું પૂજન કરવામાં આવે છે જે પુજપાની સામગ્રીઓનું આગમન થઈ ચૂકયું છે.

વ્રતના પાંચેય દિવસ જવારાનું કુમકુમ-અક્ષત વગેરેથી પૂજન કરીને દીવો પ્રગટાવાય છે. વ્રતના પહેલા દિવસે કુમારિકાઓ 'ગોરમાનો વર કેસરિયો ને નદીએ ના'વા જાય રે ગોરમા' જેવા શિવ-પાર્વતીનાં ગીતો ગાતી ગાતી જળાશયે જાય છે, ત્યાં સ્નાન કરીને શિવાલયમાં મહાદેવની પૂજા કરાય છે.

આપણી સંસ્કૃતિમાં વર્ષોથી વ્રત, ઉપવાસ અને એકટાણાનું સવિશેષ મહત્વ રહેલું છે. સામાજિક તેમજ વ્યવહારિક જીવનની ઘરેડ અનુરુપ સમજ કેળવવા દિકરીઓ કરે છે. કયાંકને કયાંક આપણા ધર્મ સાથે વિજ્ઞાનનાં તથ્યો પણ વણાયેલા હોવાથી સ્ત્રીઓ ઉપવાસને વધારે મહત્વ આપે છે. ખાસ કરીને કુમારીકાઓ મનોવાંછિત ભરથાર મેળવવા ગૌરીવ્રત એટલે કે મોળાકત કરે છે. નાની બાળાઓ હોંશે હોંશે આ વ્રત કરે છે.

ગૌરીવ્રત મોળાકત વ્રતના નામથી પણ ઓળખાય છે. આ વ્રતને અષાઢ મહિનામાં ૫ દિવસથી વધુ સમય સુધી ઉજવાય છે. ગૌરી વ્રત શુક્લ પક્ષની એકાદશી તિથિથી શરૂ થાય છે અને પાંચ દિવસ પછી ગુરૂ પૂર્ણિમાના દિવસે સમાપ્ત થાય છે.

ગૌરી વ્રત ૨૦૨૩ તારીખ (પ્રારંભ) - ગુરુવાર, ૨૯ જૂન, ૨૦૨૩

ગૌરી વ્રત ૨૦૨૩ તારીખ (સમાપ્તિ) - સોમવાર, ૦૩ જુલાઈ, ૨૦૨૩

જયા પાર્વતી વ્રત ૨૦૨૩ તારીખ - શનિવાર, ૧ જુલાઈ, ૨૦૨૩

૧ જુલાઈ ૨૦૨૩ શનિવાર થી આ વ્રતની શરૂઆત થશે અને ૫ જુલાઈ ૨૦૨૩ બુધવારે પુરૂ થશે.

જવારા શા માટે ?

અષાઢ સુદ એકાદશીનો દિવસ નજીક આવે તે સાથે જ આજે તો બજારમાં ઠેર ઠેર લીલાછમ જવારા નજરે પડવા લાગે છે. આજે તો માત્ર ગૌરી વ્રતમાં જ બાળાઓ જવારાની પૂજા કરતી હોય છે. પરંતુ, મૂળે તો બંન્ને વ્રતમાં જવારા પૂજનની પરંપરા રહેલી છે. કારણ કે વાસ્તવમાં તો આ જવારા જ સ્વયં માતા પાર્વતીનું પ્રતિક મનાય છે ! એટલું જ નહીં, તે સુખ સમૃદ્ધિનું પણ પ્રતિક છે. અષાઢ મહિનો એટલે તો વરસાદનો મહિનો અને હરિયાળીનો મહિનો. જેના પ્રતિક રૂપે જ વ્રત દરમિયાન જવારાની પૂજા કરવામાં આવે છે. સાત પ્રકારના ધાન્ય જેમ કે ઘઉં, જઉં, તલ, મગ, તુવેર, ચોળા અને અક્ષત વાવીને જવારા ઉગાડવામાં આવે છે.

નાગલાનું રહસ્યઃ

રૂની પૂણીને કંકુ વડે રંગી તેમાં ગાંઠો વાળીને નાગલા બનાવવામાં આવે છે. આ નાગલા એ શિવજીનું પ્રતિક મનાય છે. શિવજી મૃત્યુંજય તો માતા પાર્વતી મૃત્યુંજયા છે. અને પછી આ શિવ રૂપી નાગલા પાર્વતી રૂપી જવારાને અર્પણ કરવામાં આવે છે. આ નાગલા અર્પણ કર્યા બાદ જવારાની પૂજાનો મહિમા છે. એટલે કે શિવ અને શક્તિ બંન્નેની સંયુક્ત પૂજા કરવાનું શાસ્ત્રોમાં વિધાન છે.

મોળાકત વ્રતઃ

પૂજા બાદ કન્યાઓ શિવ પાર્વતી પાસે મનગમતો ભરથાર માંગી, અખંડ સૌભાગ્ય તથા સુસંતતિ પ્રાપ્ત થાય તે માટે શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરે છે. પાંચ દિવસના વ્રત દરમિયાન કુંવારિકાઓ મીઠા વગરનું મોળું ભોજન કરી એકટાણું કરે છે. માટે જ આ વ્રતને મોળાવ્રત કે મોળાકત વ્રત કહેવામાં આવે છે.

જવારાનું વિસર્જનઃ

વ્રતના પાંચમા દિવસે જવારાનું જળાશયમાં વિસર્જન કરવાની પ્રણાલી છે. વ્રતના અંતિમ દિવસે કુમારિકાઓ રાત્રિ દરમિયાન જાગરણ કરી શિવપાર્વતીની ઉપાસના કરે છે. જાગરણ પછીના છઠ્ઠા દિવસે પારણાં કરી વ્રતની પૂર્ણાહૂતિ કરે છે. સતત પાંચ વર્ષ સુધી આ વ્રત ક્રમાનુસાર કર્યા બાદ, તેની ઉજવણી કરવામાં આવે છે. ગૌરીવ્રતમાં બાળાઓને, જ્યારે જયા પાર્વતી વ્રતમાં વ્રત કરનાર કન્યાઓ કે સૌભાગ્યવંતી સ્ત્રીઓને જમાડી તેમને સૌભાગ્ય ચિન્હોનું દાન કરવામાં આવે છે.

## શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિને સે-૧૫ ખાતે રક્તદાન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૬

ભારતીય જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસે આજે ગાંધીનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના શહેર યુવા મોરચાના વોર્ડ.૯ એકમ દ્વારા મહાનગરના વોર્ડ-૯માં સેક્ટર-૧૫માં મહાકાળી માતાના મંદિરે ખાતે એક સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ભાજપના વોર્ડ ૯ના યુવા મોરચાના યુવાનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સ્વૈચ્છિક આ રક્તદાન શિબિરમાં કુલ ૨૭ યુનિટ્સ રક્ત એકત્ર કરાયું હતું. આ શિબિરમાં રક્ત એકત્ર કરવાની સેવા શહેરની શ્રદ્ધાદીપ બ્લડ બેંક દ્વારા આપવામાં આવી હતી.

# સે. ૪નું તળાવ પુનઃ ખોદાય તેની વાટ નિરખતા પ્રકૃતિપ્રેમીઓ

**ફરી તળાવમાં કોઈ કચરો કે કાટમાળ ના નાનખે તે માટે ચોકીદાર મુકાયો : વરસાદ આવે તે પહેલાં તળાવ મૂળ સ્થિતમાં આવે તે જરૂરી**

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં એક તરફ ભૂગર્ભ જળના સ્તર નીચા જઈ રહ્યાં છે અને બીજી તરફ શહેરના જળસંચયના કુદરતી સ્ત્રોત જેવા તળાવો અને વેટલેન્ડ્સ બાંધકામના કાટમાળથી પુરાઈ રહ્યાં છે જે માટે પ્રકૃતિપ્રેમીઓ ચિંતિત છે. તાજેતરમાં સે.૪ અંગે આ બાબતે પ્રકૃતિપ્રેમીઓએ કરેલી રજુઆતને પગલે વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે અને તેની સુરક્ષાના પગલાં લેવાયા છે. જોકે ચોમાસું બેસે તે પહેલાં ભૂગર્ભ જળસંચય માટે તળાવને પુનઃ ખોદીને મૂળ સ્થિતમાં લાવવામાં આવે તે આ તબક્કે જરૂરી જણાઈ રહ્યું છે. છેલ્લાં કેટલાંક સમયથી શહેરના કુદરતી તળાવોમાં બાંધકામનો કાટમાળ નાંખીને પુરી દેવાની ચાલી રહેલી પ્રવૃત્તિ સામે શહેરના પ્રકૃતિ ચિંતકોએ તાજેતરમાં ચિંતા વ્યક્ત કરવા સાથે રોષ વ્યક્ત કર્યો હતો અને પ્રકૃતિ રક્ષા અભિયાનના નેજા હેઠળ શહેરના પ્રકૃતિ ચિંતકો દ્વારા શહેરના કુદરતી તળાવોના સંરક્ષણ માટે મેયર હિતેશભાઈ મકવાણા તથા મ્યુનિસિપલ કમિશનર જે.એન.વાઘેલાને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું.



આવેદનપત્રમાં ગાંધીનગરના તમામ કુદરતી તળાવને સંરક્ષણ માટે યોગ્ય પગલાં લેવા, પુરાયેલા તળાવ પાછા ખોદાવવા અને ગાંધીનગરના તમામ તળાવની આસપાસ ફેન્સીંગ કરી યોગ્ય નોટીસ બોર્ડ લગાવવા માંગ કરવામાં આવી હતી જેને અનુલક્ષીને મેયર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા ઝડપથી તલાવને પુનઃ ખોદવામાં આવશે તેવી હૈયાધારણ પણ આપવામાં આવી હતી. હવે સેક્ટર-૪ના તળાવ ફરતે ફેન્સીંગ કરી એક ચોકીદારની પણ વ્યવસ્થા કરવામાં આવી છે જે તળાવમાં કચરો કે કાટમાળ નાંખવા આવતા તત્વોને અટકાવી શકે જેના કારણે પ્રકૃતિપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

જોકે જયારે ચોમાસું શહેરના દ્વાર ખટખટાવી રહ્યું છે ત્યારે ઝડપથી આ તળાવને ખોદીને પુનઃ કુલ સ્થિતિમાં લાવવામાં આવે જેથી વરસાદી પાણીનો સંગ્રહ તેમાં થઈ શકે અને જેના પગલે શહેરના ભૂગર્ભ જળસંચયનું સ્તર ઊંચું આવી શકે.

## 'આર્ષ' અક્ષરધામ પ્રવચનમાળા અંતર્ગત 'ભક્તિમાર્ગ પ્રવર્તક રામાનુજાચાર્ય' વિષયે પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા. ૨૬

'આર્ષ' શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ.પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૬ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ મહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર-વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમ અંતર્ગત વ્યક્તિવિશેષ વિષયક 'ભક્તિમાર્ગ પ્રવર્તક શ્રી રામાનુજાચાર્ય' વિષય પર ૧૦૨માં પ્રવચનનું આયોજન તા. ૨૪-૬-૨૦૨૩ના રોજ સાંજે ૪.૩૦ થી ૭.૦૦ સમય દરમ્યાન અક્ષરધામ, હરિમંદિર, સભાગૃહ ખાતે યોજાયું હતું. આ પ્રસંગે વક્તા તરીકે પ્રો. પૂ. બ્રહ્મમનનદાસ સ્વામી, અધ્યાપકશ્રી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુર તથા વેદાંતાચાર્ય પીએચડી, લીટ્ટ. અ.પુ. તત્વજ્ઞાનના વ્યાખ્યાતા સદગુરૂ પૂ. વિવેકસાગરદાસ સ્વામીએ અધ્યક્ષીય પ્રવચન સહ આશીર્વચનનો લાભ આપ્યો હતો. ૧૨૦૦થી પણ વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રો. પૂ. બ્રહ્મમનનદાસ સ્વામીએ ભક્તિમાર્ગ પ્રવર્તક રામાનુજાચાર્ય વિયક વાત કરતાં જણાવ્યું હતું કે રામાનુજાચાર્યના સંપ્રદાયને શ્રીસંપ્રદાય કહેવાય છે. આ સંપ્રદાયની પરંપરામાં બે પ્રકાર છે. આલવારો અને આચાર્ય. ઈ.સ. પૂર્વ ૪૨૦૦ થી ૨૭૦૦ માનવામાં આવે છે. આલવાર એટલે પરમાત્માની ભક્તિમાં નિમગ્ન સંત ભક્ત-મહાત્મા, આલવારોએ ભક્તિપદથી રચના કરેલ છે. તેને દિવ્યપ્રબંધ કહેવામાં આવે છે. તેમાં ૧૨ આલવારો થઈ ગયા. તેમને વૈદિક પરંપરાની સેવા કરી તમિલ ધર્મગ્રંથોનો ઉદ્ધાર કર્યો. આલવારો પછી આચાર્ય પરંપરા શરૂ થાય છે. તેમની વિશેષતા એ છે કે તેમને સંપ્રદા.ના પ્રવર્તન અને રક્ષણ માટે પુરુષાર્થ કર્યા. મુખ્ય ત્રણ આચાર્યામાં નાથમુનિ, યમુનાચાર્ય અને રામાનુજાચાર્ય, રામાનુજાચાર્યના ગુરુ યમુનાચાર્ય હતા. યમુનાચાર્યના ચાર પુત્રો હતા. યમુનાચાર્યએ પાંચ શિષ્યોને વિદ્યાદાન કરેલું તેમને ૯ ગ્રંથોનું લેખન કરેલ છે.

## મનપા સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેનના જન્મદિવસની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે તેઓએ અનોખી ઉજવણી કરી. તેઓ દ્વારા તેમના પગારમાંથી ગાંધીનગરની એક હજાર જેટલી ગરીબ પરિવારની મહિલાઓ માટે બ્રેસ્ટ કેંસર અને સર્વાઈકલ કેંસરની સ્ક્રીનિંગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ માટે તેઓએ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાથે ટાઈઅપ કર્યું છે. સામાન્ય રીતે આ તમામ ટેસ્ટનો અંદાજિત ખર્ચ ૫૫૦૦થી ૬૦૦૦ રૂપિયા આસપાસ છે, જે ચેરમેનશ્રીના પગારમાંથી નિઃશુલ્ક કરવામાં આવશે.

આ અંગે ચેરમેશ્રી જશવંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતની અંદર મિડલ એજની મહિલાઓમાં મુખ્યત્વે સ્તન કેંસર અને ગર્ભાશય કેન્સર એમ બે પ્રકારના કેંસર વધારે થતા હોય છે. જે મહિલાઓ માટે જીવલેણ અને ઘાતક પુરવાર થઈ થઈ શકે છે. જો સમયસર તેનું સ્ક્રીનિંગ કરવામાં આવે તો જિંદગી બચાવી શકાય છે. જેથી સ્તન કેંસર માટે સોનોગ્રાફી અને મેમોગ્રાફી તથા ગર્ભાશય કેંસર માટે પેપ્સમિયર ટેસ્ટ કરવામાં આવે છે.

આ તમામ ટેસ્ટ ગાંધીનગરની એક હજાર ગરીબ મહિલાઓ માટે ફ્રી ઓફ કોસ્ટ થાય તે માટેનું આયોજન અમારા દ્વારા કરવામાં આવશે. જેના માટે સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ સાથે સંકલન કરીને મહિલાઓનું સ્ક્રીનિંગ કરવામાં આવશે.

## ન્યુ વાવોલની શિવમ રેસીડેન્સીની પ્રથમ કારોબારી સમિતિની રચના કરાઈ



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૭માં ન્યુ વાવોલ ખાતે નિર્મિત શિવમ રેસીડેન્સી સોસાયટીની તારીખ ૨૫મી જૂન, રવિવારના રોજ યોજાયેલી સામાન્ય સભામાં સોસાયટીની પ્રથમ કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી.

શિવમ રેસીડેન્સી સોસાયટી ખાતે યોજાયેલી સામાન્ય સભાના પ્રારંભે સોસાયટીના બિલ્ડર મેહુલભાઈ પટેલનું શાલ ઓઢાડીને સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આ પછી સોસાયટીની પ્રથમ કારોબારીની સમિતિની સર્વાનુમતે રચના કરવામાં આવી હતી જેમાં પ્રમુખ પદે ભાવેશભાઈ ગઢવી, ઉપપ્રમુખ પદે સંદીપભાઈ પ્રજાપતિ અને મંત્રી પદે પ્રવીણભાઈ પ્રજાપતિની નિયુક્તિ કરવામાં આવી હતી. આ ઉપરાંત કારોબારી સભ્યોમાં કિરણભાઈ પ્રજાપતિ, હેમસિંહ ચૌહાણ, શોભરાજસિંહ રાઠોડ, મિલનભાઈ પટેલ, કૌશલભાઈ નાયક, સમીરભાઈ રામી, ઋતુલભાઈ ગજ્જર, મિતુલભાઈ નાયક અને શશીધરભાઈ પટેલની વરણી કરાઈ હતી. આ સાથે નવનિયુક્ત કારોબારી સમિતિની ઉપસ્થિતિમાં સોસાયટીના પાર્કિંગ લોટનું સભ્યોને ડ્રો કરીને એલોટમેન્ટ કરવામાં આવ્યું હતું તેમજ સોસાયટીના મેન્ટેનન્સ તથા સંચાલનને લગતા કેટલાક વહીવટી ઠરાવ પસાર કરવામાં આવ્યા હતા.

# દહેગામના શિક્ષકે USAમાં ભારતનો ડંકો વગાડ્યો

**૩૫ મિનિટની શોર્ટ ફિલ્મ નવિશ્તામાં પુત્રીના લગ્ન માટે મહેનત કરતા પિતાની વાત બખૂબી રજૂ કરાઈ છે : સ્થાનિક સ્તરે બનેલી પિતા પુત્રીના પ્રેમ આધારિત શોર્ટ ફિલ્મ નવિશ્તા એ જીત્યો semi finalist award for best short film**

ગાંધીનગર, તા.૨૬

ચાણક્ય એ કહ્યું છે કે શિક્ષક કભી સાધારણ નહીં હોતા પ્રલય ઔર નિર્માણ ઉસ કી ગોદ મે પલતે હે, શિક્ષક ઈચ્છે તો પોતાના સીમાડા વિસ્તારીને વિકાસની ઘણી ઊંચાઈઓ હસલ કરી શકે છે. તેમજ પોતાના વિદ્યાર્થીઓને પણ આગળ વધારી શકે છે આવી જ એક સિદ્ધિ પ્રાપ્ત કરી છે દહેગામના પ્રાથમિક શાળાના શિક્ષકે સત્યમ પટેલે. આ શિક્ષકે બનાવેલી ફિલ્મ યુએસએ માં શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં સેમિફાઈનલિસ્ટ એવોર્ડ ફોર બેસ્ટ શોર્ટ ફિલ્મ નો એવોર્ડ જીતી ગઈ છે .

પિતા પુત્રીના લાડ અને વહાલ તેમજ દીકરીના લગ્ન માટે પરસેવો પાડતા એક પિતાની વાત શોર્ટ ફિલ્મ નવિશ્તા માં રજૂ થઈ છે. શોર્ટ ફિલ્મ યુએસએ માં શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં૧૨૦ દેશોની વચ્ચે ટોપ ટેન માં નોમિનેટ થઈ હતી. તેમજ ગત રોજ જાહેર થયેલા એવોર્ડમાં આ ફિલ્મને ૧૩,૮૯૮ એન્ટ્રીમાંથી ટોપ ટેનમાં પસંદ થયા બાદ **semi finalist award for best short film** એવોર્ડ પ્રાપ્ત થયો છે. ત્યારે આ ભારત અને ગુજરાત માટે ખૂબ જ ગૌરવની બાબત છે હવે આ ફિલ્મ શોર્ટ ફિલ્મ ભારતમાં જોવા મળશે.

**શોર્ટ ફિલ્મનું લાગણીસભર કથાનક**

ઘરમાં વહાલસોઈ દીકરીનો જન્મ થાય ત્યારથી માંડીને દીકરીના માતા પિતા તેના કન્યાદાનના સપના જોવા માંડે છે અને જ્યારે દીકરી ઉંમરલાયક થતા તેના લગ્ન લેવામાં આવે ત્યારે એક પિતા સઘળું અચ્છાવર કરીને પણ દીકરીના લગ્ન ધામધૂમથી કરે છે. અને પોતાનો કાળજાનો કટકો બીજાને સોંપે છે દીકરીના લગ્નને યાદગાર બનાવવા માંગતા પિતાના અર્થાત પરિશ્રમ અને દીકરીની લાગણી આ ફિલ્મમાં સુંદર રીતે રજૂ કરવામાં આવી છે જે બાબત એવોર્ડની જ્યુરીને ખૂબ જ પસંદ આવી હતી.

દહેગામના શિક્ષકે પિતા પુત્રીના અપ્રતિમ પ્રેમને ધ્યાનમાં રાખીને બનાવેલી શોર્ટ ફિલ્મ **USA** માં ૧૨૦ દેશોની વચ્ચે ટોપ ટેન માં થઈ નોમિનેટ, ૧૩,૮૯૮ એન્ટ્રીમાંથી ટોપ ટેનમાં પસંદ થયા બાદ અને એવોર્ડ મેળવીને ભારત અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.



ભારત તેમજ ગુજરાત માટે ગૌરવની બાબત એ છે કે યુએસએ ના **Impect Film festival** માં એવોર્ડ જીતી ચૂકેલી આ ફિલ્મ અમદાવાદના દહેગામ તાલુકાના એક પ્રાથમિક શિક્ષક સત્યમ પટેલે બનાવી છે સત્યમ પટેલ દહેગામની વડોદ પ્રાથમિક શાળામાં શિક્ષક છે અને તેઓ હિન્દી સિનેમામાં પીએચડી થયેલા છે આ શોર્ટ ફિલ્મ ૧૨૦ દેશોમાંથી આવેલી ૧૩,૮૯૮ એન્ટ્રીમાંથી ટોપ ટેન માં મેદાન મારી ગઈ હતી અને ફિલ્મને સેમિફાઈનલિસ્ટ એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે ફિલ્મ અંગે જ્યુરીએ જણાવ્યું હતું કે આ ખૂબ જ ભાવવાહી ફિલ્મ છે અને ફિલ્મની સિનેમેટોગ્રાફી પણ ઉત્તમ છે

સાહિત્યને સાથે રાખીને થઈ શોર્ટ ફિલ્મની રજૂઆત સત્યમ પટેલ પોતાની શોર્ટ ફિલ્મ અંગે જણાવતા ફિલ્મના ડિરેક્ટર સત્યમ પટેલે જણાવ્યું હતું કે, તેઓ હિન્દી સિનેમાના વિષય સાથે પીએચડી કરતા હતા તે સમયે તેમણે ફિલ્મો અંગે તમામ વિગતો જાણવા મળી હતી એક ફિલ્મ બનાવવી તો કેવી રીતે બનાવવી કેવી રીતે પાત્ર પસંદગી કરવી ફિલ્મનું ડિરેક્શન કેવી રીતે કરવું? ફિલ્મને વેચાણ કેવી રીતે કરવું અને જુદા જુદા ફેસ્ટિવલમાં પણ ફિલ્મ કેવી રીતે મોકલવી આ તમામ બાબતો અંગે તેમને પીએચડી દરમિયાન માહિતી મળી પરંતુ વાત જ્યારે પ્રેક્ટીકલ ફિલ્મ બનાવવાની આવી ત્યારે એક શિક્ષક તરીકે સત્યમ પટેલને થયું કે ફિલ્મ દ્વારા શા માટે સાહિત્યની વાત ન કરવી, બસ આ વિચારને આગળ ધપાવીને તેઓએ એક ઈંગલિશ શોર્ટ ફિલ્મને ભારતીય પરિવેશમાં રજૂ કરી.

શોર્ટ ફિલ્મ અંગે સત્યમ પટેલે જણાવ્યું હતું કે કોલેજ કાળ દરમિયાન અમારા પ્રોફેસરે અમને પિતા અને પુત્રીની આ વાત જણાવી હતી. જોકે તેના લેખક અંગે તો કોઈ માહિતી નથી, પરંતુ ઈંગલિશ લિટરેચરમાં આ વાર્તા છે જેના આધારે અમે આ શોર્ટ ફિલ્મ બનાવી અને તેના કલાકારો પણ સૌ અહીંના જ છે.

**સ્થાનિક કલાકારોએ કર્યો હૃદય સ્પર્શી અભિનય**

પિતા તરીકેની ભૂમિકામાં દહેગામના જ કોલેજના પ્રોફેસર નાગસેન શ્રીમાળી તથા દીકરીના અભિનયમાં પીએચડી ની વિદ્યાર્થીની ઈલા રાવલે સચોટ અભિનય કર્યો છે તેમજ દરેક લોકોએ એ પોતાના પાત્રને પૂરતો ન્યાય આપ્યો છે જેના લીધે આ ફિલ્મ ખૂબ જ હૃદય સ્પર્શી બની છે.

**દહેગામ તેમજ તલોદમાં થયું શૂટિંગ**

૩૫ મિનિટની શોર્ટ ફિલ્મ ના શૂટિંગ માટે દહેગામ તલોદ તેમજ વિજયનગર પોળો પાસે આવેલા પાલ ગામની તળેટી એમ વિવિધ સ્થળોએ આ શોર્ટ ફિલ્મનું શૂટિંગ કરવામાં આવ્યું છે.

સત્યમ પટેલે જણાવ્યું હતું કે ફિલ્મ બનાવ્યા બાદ અમે ફિલ્મ **filmfreeway.com** ઉપર રજીસ્ટર કરાવીને આ ફિલ્મ તેમાં રજૂ કરી હતી તેમણે વિશેષ માહિતી આપી હતી કે એકવાર આ વેબસાઈટ પર કોઈપણ ફિલ્મ રજીસ્ટર કરાવ્યા બાદ વિશ્વમાં થતા તમામ ફિલ્મ ફેસ્ટિવલમાં આપણી ફિલ્મની એન્ટ્રી પહોંચતી હોય છે. આથી જ્યારે અમારી ફિલ્મ પસંદ થઈ ત્યારે અમને ઓફિશિયલ તેનો મેલ પણ આવ્યો ત્યારે અમારી આખી ટીમ ખુશ ખુશાલ થઈ ગઈ હતી. આ રીતે અમારી ફિલ્મ ભારતનું અને ગુજરાતનું નેતૃત્વ કરશે અને એવોર્ડ પ્રાપ્ત કરીને દેશ અને રાજ્યનું ગૌરવ વધારશે તેઓ તો અમને સ્વપ્રય ખ્યાલ નહોતો.

પડકાર ઘણા હતા પણ સફળતા મળશે તેવી આશા પણ હતી અને આ સફળતાથી અમે બધા ખુશ છીએ કે અમે દેશનું નામ રોશન કરી શક્યા છીએ. શોર્ટ ફિલ્મ અને તે પણ સાહિત્યને સાથે રાખીને જ્યારે રજૂ કરવાની હોય ત્યારે તે બાબત પડકાર જનક તો છે જ કારણ કે લોકોને કેટલીક ચોક્કસ વસ્તુઓ જોવી પસંદ હોય છે ત્યારે અમારી સામે પ્રશ્ન હતો કે આ પ્રકારની ફિલ્મ પસંદગી પામશે કે નહીં પરંતુ ફિલ્મે એવોર્ડ પ્રાપ્ત કરતા એ વાતની ખાતરી થઈ છે કે ગુણવત્તા યુક્ત કન્ટેન્ટ દરેકને જોવું ગમે છે.